તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 23-Nov-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

## આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- ✓ **મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે મતગણતરી પૂરજોશમાં – મહારાષ્ટ્રમાં ભાજપ, તો ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોરચા આગળ.**
- ✓ **બનાસકાંઠાની વાવ વિધાનસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂત આગળ.**
- ✓ **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.**
- ✓ **ગોવામાં ચાલી રહેલા 55મા ભારત આંતર-રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં આજે 70 અન્ય ફિલ્મ પ્રદર્શિત કરાશે.**
- ✓ **આર્મેનિયામાં રમાયેલી  કુસ્તીની વર્લ્ડ મિલિટરી સ્પર્ધામાં ભારતનાં રીતિકા હૂડાએ સુવર્ણ ચંદ્રક જીત્યો.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# MAHARASHTRA ELECTION OVERALL

લોકસભાની 2 બેઠકો કેરળની વાયનાડ અને મહારાષ્ટ્રની નાંદેડ અને 13 રાજ્યોની 46 વિધાનસભા બેઠકોની યોજાયેલી પેટાચૂંટણીની  મતગણતરી શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહી છે.

મહારાષ્ટ્રમાં વિધાનસભાની 288 બેઠક માટે મતગણતરી ચાલી રહી છે. હાલના વલણ મુજબ, મહાયુતિમાં ભાજપ 126, શિવસેના શિન્દે 56, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ 39, જે.એસ.એસ. 2, આર.વાય.એસ.પી. એક બેઠક પર આગળ ચાલી રહ્યું છે.

જ્યારે મહા-વિકાસ અઘાડીમાં કોંગ્રેસ 19, શરદ પવાર જૂથની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી 12, ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરે જૂથની શિવસેના 18, સમાજવાદી પાર્ટી 2, સીપીએમ 2 અને પી.ડબલ્યુ.પી.આઈ. એક બેઠક પર આગળ ચાલી રહ્યું છે. જ્યારે અન્યમાં A.I.M.I.M -2 બેઠક પર આગળ ચાલી રહ્યા છે.

તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MAHARASHTRA CANDIDATES*

મહારાષ્ટ્રમાં કોપરી-પચપખડી બેઠક પર મુખ્યમંત્રી એકનાથ શિન્દે 41 હજારથી વધુ મતથી આગળ ચાલી રહ્યા છે.

નાગપુર દક્ષિણ-પશ્ચિમ બેઠક પર પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ 17 હજાર 900થી વધુ મતથી આગળ ચાલી રહ્યા છે. જ્યારે બારામતીથી અજિત પવાર 38 હજારથી વધુ, વરલીથી આદિત્ય ઠાકરે 6 હજાર 600થી વધુ મતથી આગળ ચાલી રહ્યા છે. જ્યારે માહિમથી એમ.એન.એસના પ્રમુખ રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરે પાછળ ચાલી રહ્યા છે. જ્યારે આ બેઠક પરથી ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના મહેશ બલિરામ સાવંત સાત હજાર 800થી વધુ મતથી આગળ ચાલે છે.

આજે લાતૂર અર્બન બેઠકથી સ્વર્ગીય વિલાસરાવ દેશમુખના પુત્ર અમિત દેશમુખ 5 હજારથી વધુ મતથી આગળ ચાલી રહ્યા છે. જ્યારે આ બેઠકથી ભાજપનાં ઉમેદવાર ડૉ. અર્ચના પાટીલ ચકૂરકાર પાછળ રહી ગયાં છે.

તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *JHARKHAND COUNTING ROUNDUP*

ઝારખંડમાં વિધાનસભાની તમામ 81 બેઠક માટે આજે મતગણતરી ચાલી રહી છે. હાલમાં મળતા વલણ અનુસાર, ઇન્ડી ગઠબંધનમાં ઝારખંડ મુક્તિ મોરચા 31, કૉંગ્રેસ 14, આર.જે.ડી. 4 અને સી.પી.આઈ.એમ -માલે લેનિન 2 બેઠક પર આગળ ચાલી રહ્યા છે.

એન.ડી.એ.માં ભાજપ 26, આજસુ, L.J.P. રામવિલાસ અને જનતા દળ યુનાઈટેડ એક-એક બેઠક પર આગળ ચાલી રહ્યા છે. અને અન્યમાં જે.કે.એલ.કે.એમ. તેમજ અપક્ષ એક બેઠક પર આગળ ચાલી રહ્યા છે.

તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# JHARKHAND

ઝારખંડના હુસૈનાબાદથી આરજેડી પ્રમુખ સંજય કુમાર સિંહ યાદવ 13 હજારથી વધુ મતોથી આગળ છે.

જ્યારે રાજ્ય મંત્રી અને લોહરદગાના પૂર્વ સાંસદ કોંગ્રેસના ઉમેદવાર રામેશ્વર ઉરાં, 12 હજારથી વધુ મતોથી આગળ છે. મુખ્યમંત્રી હેમંત સોરેન  બરહાટથી 12 હજાર 800થી વધુ મતોથી આગળ છે.જ્યારે તેમના પત્ની કલ્પના મુર્મુ સોરેન ગાંડે બેઠક પર પાછળ ચાલી રહ્યા છે. આ બેઠક પર ભાજપના ઉમેદવાર મુનિયા દેવી એક હજાર 600થી વધુ મતોથી આગળ ચાલી રહ્યા છે. દુમકા બેઠક પરથી મુખ્યમંત્રી હેમંત સોરેનના ભાઈ બસંત સોરેન ભાજપના ઉમેદવાર સુનીલ સોરેનથી  એક હજાર ચારસોથી વધુ મતોથી આગળ છે.

તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *BY POLL COUNTING*

કેરળના વાયનાડ સંસદીય મતવિસ્તારમાં, કોંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા તેમના નજીકના CPI હરીફથી આગળ ચાલી રહ્યા છે. જ્યારે મહારાષ્ટ્રની નાંદેડ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ડૉ. સંતુકરાવ હંબર્ડે તેમના કોંગ્રેસના હરીફથી આગળ છે.

ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની 9 બેઠકો માટે મતગણતરી ચાલી રહી છે. જેમાં 5 બેઠકો ઉપર શાસક ભાજપ આગળ છે, જ્યારે સમાજવાદી પાર્ટી 3 બેઠક પર આગળ છે. મીરાપુર વિધાનસભા વિસ્તારમાં એનડીએ સહયોગી આરએલડી આગળ છે. ઉત્તરાખંડમાં, શાસક ભાજપે એકમાત્ર કેદારનાથ બેઠક પર લીડ મેળવી છે.

બિહારમાં, વિધાનસભાની ચાર બેઠકોની યોજાયેલી પેટાચૂંટણીની મતગણતરી ચાલી રહી છે જેમાં ભાજપ 2 બેઠકો પર આગળ છે, જ્યારે તેના સહયોગી જેડીયુ એક બેઠક પર આગળ છે. હિન્દુસ્તાની અવમ મોરચા (સેક્યુલર) એકમાં આગળ છે.

મધ્યપ્રદેશમાં, સત્તાધારી ભાજપ વિજયપુર અને બુધની બંને બેઠકો પર આગળ છે. છત્તીસગઢમાં, રાયપુર સિટી સાઉથમાં પણ શાસક ભાજપ એકલા હાથે આગળ છે. આસામમાં, વિધાનસભાની પાંચ બેઠકોની ચાલી રહેલી મતગણતરીમાં સત્તાધારી ભાજપ 2 બેઠકો પર આગળ છે, જ્યારે કોંગ્રેસ, AGP અને UPP (લિબરલ) 1-1 બેઠક પર આગળ ચાલી રહ્યા છે.

મેઘાલયમાં, સત્તાધારી NPP એકમાત્ર ગામ્બેગ્રે બેઠક પર આગળ છે. પશ્ચિમ બંગાળમાં, શાસક તૃણમૂલ કોંગ્રેસ તમામ 6 વિધાનસભા બેઠકોમાં આગળ છે. પંજાબમાં સત્તારૂઢ આપ 3 બેઠકો પર જ્યારે કોંગ્રેસ એક બેઠક પર આગળ છે.

તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

રાજસ્થાનમાં કુલ 7 બેઠકોમાંથી શાસક ભાજપ 3 બેઠકો પર આગળ છે. ભારત આદિવાસી પાર્ટી અને કોંગ્રેસ 2-2 બેઠકો પર આગળ છે. કર્ણાટકમાં સત્તાધારી કોંગ્રેસ તમામ 3 બેઠકો પર આગળ ચાલી રહી છે.   કેરળમાં કોંગ્રેસ અને સીપીઆઈ(એમ) 1-1 વિધાનસભા બેઠક પર આગળ છે. સિક્કિમમાં, શાસક એસકેએમના 2 ઉમેદવારો પહેલેથી જ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે.

તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *BANASKANTHA VAV BY ELECTION*

ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલી વાવ વિધાનસભા બેઠક માટે યોજાયેલી પેટા-ચૂંટણી માટે આજે મતગણતરી ચાલી રહી છે. પાલનપુરની જગાણા મહાવિદ્યાલય ખાતે અત્યાર સુધી ગણતરીના કુલ 23 રાઉન્ડમાંથી 12 રાઉન્ડ પૂર્ણ થયા છે.

બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે, કૉંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂત 12 હજારથી વધુ મતથી આગળ ચાલી રહ્યા છે. જ્યારે ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોર બીજા ક્રમાંક પર તો અપક્ષ માવજી પટેલ ત્રીજા ક્રમાંક પર ચાલી રહ્યા છે.

તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...**

........................................................................

- રિપીટ

તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# ***PM MANN KI BAAT***

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 116મી કડી છે.

આવતીકાલે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# GOA IFFI

ગોવામાં ચાલી રહેલા 55મા ભારત આંતર-રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં આજે 70 અન્ય ફિલ્મ પ્રદર્શિત કરાશે. ઉપરાંત ત્રણ ફિલ્મ ઓપન-એર સ્ક્રીનિંગના ભાગરૂપે બતાવવામાં આવશે.

આજનું મુખ્ય આકર્ષણ ક્રિએટિવ માઈન્ડ્સ ઑફ ટુમૉરો- C.M.O.T.નું આયોજન છે, જ્યાં એક નવી ફિલ્મ બનાવવાના 48 કલાકના પડકારને પૂર્ણ કરાશે. આ વર્ષે C.M.O.T. પડકાર માટે 13 પ્રકારની ફિલ્મ નિર્માણ કળાથી 100 યુવા પ્રતિભાઓની પસંદગી કરવામાં આવી છે.

તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *WRESTLING- MILITARY CHAMPIONSHIP*

આર્મેનિયાના યેરેવાનમાં રમાયેલી કુસ્તીની વર્લ્ડ મિલિટરી ચેમ્પિયનશિપમાં ભારતનાં રીતિકા હૂડાએ મહિલાઓની 76 કિલો વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ સિદ્ધિ મેળવનારાં તે ભારતની બીજાં મહિલા બન્યાં છે.

અગાઉ ભારતનાં પ્રિયંકાએ 68 કિલો મહિલા વર્ગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. જ્યોતિ સિહાગે મહિલાઓની 55 કિલો વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. આ પહેલા પુરુષોની 74 કિલો ફ્રી સ્ટાઇલ શ્રેણીમાં જયદીપે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. સુબેદાર શરવને પુરુષોની 70 કિગ્રા ફ્રી સ્ટાઇલમાં રજત, જ્યારે 57 કિગ્રા ફ્રી સ્ટાઇલમાં શુભમ અને 79 કિલો ફ્રી સ્ટાઇલમાં ચંદ્રમોહને કાંસ્ય ચંદ્રક જીત્યા હતા.

આ સ્પર્ધામાં ભારતે ત્રણ સુવર્ણ, એક રજત અને ત્રણ કાંસ્ય સહિત કુલ સાત ચંદ્રક જીત્યા હતા. ઉલ્લેખનીય છે કે વર્લ્ડ મિલિટરી ચેમ્પિયનશિપમાં ભારતે આ વર્ષે પ્રથમ વખત મહિલા ખેલાડીઓની ટુકડી મોકલી હતી.

તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PM QUIZ*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતવંશીઓ અને અન્ય દેશના લોકોને “ભારત કો જાનીએ” પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ભાગ લેવા આગ્રહ કર્યો છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ સ્પર્ધા ભારત અને સંપૂર્ણ વિશ્વમાં રહેતા ભારતવંશીઓ વચ્ચે સંબંધ વધુ ગાઢ બનાવે છે.

શ્રી મોદીએ આ સ્પર્ધાને દેશની સમૃદ્ધ ધરોહર અને જીવંત સંસ્કૃતિને જાણવા એક ઉત્તમ માધ્યમ ગણાવી હતી. તેમણે કહ્યું, સ્પર્ધાના વિજેતાઓને અતૂલ્ય ભારતના દર્શન કરવાની તક મળશે.

તા. 23-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *UNITED NATIONS- HINDI*

સંયુક્ત રાષ્ટ્ર સંઘના સમાચાર અને મીડિયાના નિર્દેશક ઇયાન ફિલિપ્સે કહ્યું છે કે તેઓ હિન્દી ભાષા  સમજતા લોકો સાથે સંવાદ સાધવા પ્રતિબદ્ધ છે.  શાંતિ, માનવ અધિકાર, ટકાઉ વિકાસ, આબોહવા અથવા લિંગ સંબંધિત મુદ્દાઓ પર હિન્દી ભાષા સમજતા લોકો સાથે વાત કરવા તેઓ પ્રતિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું. આ સાથે તેઓ હિન્દીમાં વોટ્સએપ ચેનલ શરૂ કરવાની પણ યોજના ધરાવે છે.

શ્રી ફિલિપ્સે ગઈ કાલે હિન્દી દિવસના ભાગરૂપે યોજાયેલા કાર્યક્રમમાં કહ્યું હતું કે કરોડો લોકો સાથે વાતચીત કરવા માટે હિન્દી ભાષા મુખ્ય માધ્યમ છે.  આ સમારોહમાં બિરેન્દ્ર પ્રસાદ બૈશ્યના નેતૃત્વમાં ભારતીય સંસદસભ્યોનું  પ્રતિનિધિમંડળ અને કેટલાક દેશોના રાજદ્વારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંયુક્ત રાષ્ટ્ર સઘમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરીશે જણાવ્યું હતું કે ભારત જેવા બહુભાષી, બહુસાંસ્કૃતિક અને બહુ-વંશીય રાષ્ટ્રમાં હિન્દી એક સેતુનું કામ કરે છે. તેમણે કહ્યું કે હિન્દી ભાષાએ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન દેશને એક કરવામાં અભૂતપૂર્વ ભૂમિકા ભજવી હતી.